## રાજકોટના મહે. જ્યુડી. મેજી. ફ. ક.(ટ્રાફીક) સાહેબશ્રીની કોર્ટ, રાજકોટ.

ફોજદારી કેસ નં. 14774/18
આંક :– 6

શ્રી સરકાર ................ ફરીયાદી

**વિરૂધ્ધ**

રાજેશ મનજીભાઈ મેર ................આરોપી

**ગુનો :– એમ.વી.એકટ ૧૮૫**

**:: ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ મુજબ ઠરાવ ::**

(૧) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સોની નકલો આપ્યા બાદ આરોપીને પોતાનો ગુનો કબુલ છે. તેવી પુરસીસ આંક ...... થી રજુ કરતા નામ. અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી. છતાં પણ જો તે આ ગુનો કબુલ કરશે તો તેને મહતમ સજા થઈ શકે. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવી જેમાં પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી.ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે, તેની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

(૨) આરોપીએ ગુનાની કબુલાત સ્વેચ્છીક રીતે કરેલ હોય તેમજ આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય પોતાને અહેસાસ થયેલાનું જણાવેલ હોય સવિશેષ ભવિષ્યમાં આવો ગુનો કદી કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના આરોપી ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છુ. પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા આ કામમાં આરોપીને હાલના ગુના સબબ સજાની જોગવાઈમાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના ગુનાને તેમજ રજુઆતને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. 1000/-/– (અંકે કુલ એક હજાર........ પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. દંડની કસુર બદલ દિવસ–૩૦ ની સાદી કેદ ભોગવવી. મુદામાલ વાહન અંગેનો વચ્ચગાળા નો હુકમ કાયમ કરવામાં આવે છે. આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવા.

આરોપીના જાત – જામીન, જાત મુચરકા રદ ગણવા.

રાજકોટ.
તા.૦૯/૦૩/૨૦૧૯

(એમ.જે.મહેતા)
જ્યુ.મેજી.ફ.ક. (ટ્રાફીક)
રાજકોટ.